સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

હિંદુત્વ-ધર્માંતરણ, ની ખોટી ધૂતાવળ છે,
કાશ્મીરી 'અવિશ્વાસ'માં સંઘની ઉતાવળ છે,
અલગ કાયદા જ કારણ છે અલગતાનું -
હજી એમના મનમાં ભયનું ભૂતાવળ છે..
(કાશ્મીરી કટ્ટરવાદ)

હાઈકુ

કવિ ને વક્તા,
સંનિષ્ઠ નેતા, સાચા -
ભારત-રત્ન..
(સન્માનીય અટલ)

બણગા છોડો -
સ્વદેસી આતંક તો
- પહેલાં નાથો!
(આસામમાં આતંક)

ચિંતન

વસ્ત્રં ગાં ચ બહુક્ષીરા જલપાત્રમુપાન હો । ઔષધં બીજમા હારં સંકીણીત યથાપ્નુયાત્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'માં અમૂલ્ય વ્યવહારિક સલાહ-સૂચન આપવામાં આવ્યો છે આ શ્લોકમાં જીવન-પ્રવાસમાં કેટલી-કઇ વસ્તુ હાથવગી જ રાખવી જોઇએ એ કહેવામાં આવ્યું છે :

'વસ્ત્ર, વધારે દૂધવાળી ગાય, જલપાત્ર, જોડા, ઔષધ, ધાન્યના બીજ અને આહારના પદાર્થો - જેમ જેમ મળે તેમ તેમ એકત્ર કરી તેનો સંગ્રહ કરવો જોઇએ.'

આપણે પ્રવાસમાં જઇએ ત્યારે પણ આ સૂચનનો અમલ કરવા જેવો છે - જરૂરી વસ્ત્રો દૂધ-ચાનો થર્મોસ, પાણીની બોટલ, એક પહેરેલા બૂટ અને બીજી પ્લાસ્ટીકની થેલીમાં સ્લીપરની જોડી - સૂકો તેમજ રસ્તામાં ભોજન માટેનું ટિફીન આ બધું હાથવગું રાખવું.

વ્યવહારમાં પણ આપણે રોકાણની દૃષ્ટિએ કે આખા વર્ષનો સંગ્રહ કરીએ ત્યારે પણ આ વસ્તુઓનું જ મહત્ત્વ યાદ રાખવું જરૂરી છે.

સુવિચાર

- જીવનયાત્રામાં સતત ગતિમય રહેવું અનિવાર્ય છે, આગળ જીવન છે તો પાછળ મૃત્યુ દબાતે પગલે આવી રહ્યું છે, જયાં અટકી જઇએ ત્યાં મૃત્યુ પકડી લે છે - જ્ઞાનસૂત્ર
- બધી જ ભાષાઓ ઓગળી જાય છે ત્યારે પરમની ભાષા પ્રગટે છે અને પછી પૃથ્વીના કણેકણની ભાષા વાંચતા, સમજતા અને સાંભળતા આવડે છે - એસ. ભટ્ટાચાર્ય
- બે મોજાઓની વચ્ચે, જાણે જન્મ-મરણ વચ્ચે જીવી લેવાનું છે, બે મોજા વચ્ચેનો સમય અમર છે.. એવું આપણે માની બેસીએ છીએ, એ જ ભૂલ છે જેથી ઘડપણ ઓચીતું આવેલું લાગે છે - સમયસૂત્ર
- એક ઘડીના સપનામાં કૈં, વીતી જાય પૂરો જન્મારો.. સપનાની વણજાર ચાલતી, જનમ જનમથી તું વણજારો - રાજેશ વ્યાસ
- શંકાશીલ મન ઇશ્વરનાં પ્રમાણો માંગે છે, જો તે ભીતરમાં ધબકારાને જુએ, આત્મા તરફ નજર કરે તો પણ પરમાત્મા માટે શ્રદ્ધા જન્મે - રમણ મહર્ષિ
- કુદરતનો ખેલ જેટલો અકળ છે એટલો જ અટળ છે, એ કળી શકાય એવો પણ નથી અને ટાળ્યો ટળી શકે એવો પણ નથી - અખંડ આનંદ
- શ્રદ્ધાની પાંખો તો આપો, મુક્તિનું આકાશ, શંકાની સાંકળ, બાંધીને કરે જીવતી લાશ, સાવ સરળ છે, ઝળહળતા આકાશને અડવાનું, શીખી લઇએ શ્રદ્ધાની પાંખે ઉડવાનું - જનકલ્યાણ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

નશીબ-વિધિના લેખ અને ભાગ્યનું ઘડતર એ બે વચ્ચેનો તફાવત સમજવામાં આપણે ગરબડ કરીએ છીએ. પૂર્વજન્મોના ફળથી જે મળે છે તે 'નશીબ'માં લખેલું હોય છે, એટલે આપણે કહીએ છીએ કે મારા 'નશીબ'માં નથી.

જયારે 'ભાગ્ય'નું ઘડતર આપણે જાતે કરી શકીએ છીએ પરિશ્રમથી અભ્યાસ અને પ્રયાસ કરવાથી ભાગ્યનું ઘડતર થઇ શકે છે.

એક સ્ત્રી પાસે જઇ રડવા લાગી કહ્યું - બાપુ મારાં તો ભાગ્ય જ ફૂટેલાં છે દુખ જ દુખ સામે આવે છે. 'સ્ત્રી' તરીકેનો જન્મથી જ મારી પનોતી બેઠી મહારાજ હું આવી કમભાગી કેમ છું?

સંત કહે - બેટા! સ્ત્રી તરીકેનો તારો જન્મ એ 'નશીબ' છે પણ 'સ્ત્રી' તરીકે જન્મ્યા પછી તારે તારાં 'સ્ત્રીત્વ' ને કેવી રીતે ઘડતર આપવું એ તારા હાથની વાત છે. ઝાંસીની રાણી-મીરાબાંઇ જેવા સ્ત્રી જન્મો એ પોતાના ભાગ્યનું ઘડતર કરી મહાન અને આદર્શ સ્થાન મેળવી લીધું છે.

નશીબથી જન્મ મળે પણ સંસ્કાર પામવાએ પોતાના પરિશ્રમ પર આધારિત છે.

Email - sureshchandrabhatt18@gmail.com

ઋગ્વેદમાં ઉલ્લેખિત નદીઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ નદી કઇ છે?

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

ભારતનો ઇતિહાસ

(૧) આર્ય સમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીનું બાળપણમાં નામ કયું છે?
(અ) ચંદ્રશેખર (બ) નરેન્દ્ર
(ક) મૂળશંકર (ડ) રવીશંકર

(૨) સ્વદેશ આંદોલન કયા આંદોલન દરમિયાન શરૂ કરાયું હતું?
(અ) બંગભંગ આંદોલન (બ) અસહકાર આંદોલન
(ક) સવિનય કાનૂન ભંગ (ડ) સંપારણ સત્યાગ્રહ

(૩) મહાવીર સ્વામીના શિષ્યો શું કહેવાતા?
(અ) નિર્ગ્રંથ (બ) આજીવક
(ક) નિગ્રોહ (ડ) ગણધર

(૪) મદુરાઇમાં આવેલ મીનાક્ષી મંદિર કયા વંશના રાજાઓએ બંધાવેલું?
(અ) પલ્લવ (બ) ચૌલ
(ક) શાતવાહન (ડ) પાંડ્ય

(૫) ઇન્કલાબ ઝિંદાબાદ સૂત્ર કોણે આપ્યું હતું?
(અ) જગદીશચંદ્ર બોઝ (બ) ભગતસિંહ
(ક) ચંદ્રશેખર આઝાદ (ડ) મંગલ પાંડે

(૬) સમ્રાટ અશોક કોનો પુત્ર હતો?
(અ) ચંદ્રગુપ્ત (બ) વિક્રમાદિત્ય
(ક) પુલકીન (ડ) બિંદુસાર

(૭) જલિયાવાલા બાગ હત્યાકાંડ પહેલા કયો બનાવ બની ગયો હતો?
(અ) માર્લેમિન્ટો સુધારો (બ) હોમરૂલ ચળવળ
(ક) રોલેકટ એક્ટ (ડ) કોંગ્રેસ મુસ્લીમ લીગ

(૮) પુરી જગન્નાથ મંદિર કોણે બંધાવ્યું હતું?
(અ) અનંત વર્મન (બ) નરસિંહ પ્રથમ
(ક) કપિલેન્દ્ર (ડ) પ્રતાપરૂદ્ર

(૯) બંકિમ ચંદ્રના કયા પુસ્તકે બંગાળના યુવાનોમાં દેશભાવના જગાવી?
(અ) સત્યાર્થ પ્રકાશ (બ) સર્વોદય
(ક) ગોદાન (ડ) આનંદમઠ

(૧૦) કયા મોગલ બાદશાહે ન્યાયની સાંકળ લગાવી હતી?
(અ) બાબર (બ) હુમાયુ
(ક) અકબર (ડ) જહાંગીર

(૧૧) ઋગ્વેદમાં ઉલ્લેખિત નદીઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ નદી કઇ છે?
(અ) ગંગા (બ) સિંધુ
(ક) યમુના (ડ) સરસ્વતી

(૧૨) ભારતમાં ટપાલ ટિકીટ કયા ગવર્નર જનરલના કાર્યકાળમાં બહાર પડાઇ?
(અ) લોર્ડ કેનીંગ (બ) લોર્ડ કલાઇવ
(ક) લોર્ડ ડેલાહાઉસી (ડ) લોર્ડ વેલેસ્લી

(૧૩) ગુપ્તકાળના પ્રસિદ્ધ ખગોશસાસ્ત્રી કોણ હતા?
(અ) બ્રહ્મગુપ્ત (બ) વિષ્ણુગુપ્ત
(ક) આર્યભટ્ટ (ડ) ભાસ્કરાચાર્ય

(૧૪) દશ રાજાઓનું યુદ્ધ કઇ નદી કિનારે લડાયું હતું?
(અ) સરસ્વતી (બ) સિંધુ
(ક) સતલજ (ડ) રાવી

(૧૫) મહારાજા રણજિતસિંહ રાજયનું પાટનગર નીચેનામાંથી કયું હતું?
(અ) અમૃતસર (બ) પતિયાલા
(ક) લાહોર (ડ) કપૂરથલા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૬ ડિસેમ્બર ૧૯૦૦ એન્થોની જીગમંડ - પોલેન્ડના વતની, અને અમેરીકન ગણીતશાસ્ત્રી, ૧૯૮૬માં ગણિતનો નેશનલ મેડલ વિજેતા
- ૨૬ ડિસેમ્બર ૧૮૮૧ સર થોમસ લેવીસ - તેઓ બ્રિટન વેલ્સના વતની હતા. કાર્ડીયોલોજીના પિતામહ હતા
- ૨૭ ડિસેમ્બર ૧૯૧૫ વિલિયમ એચ માટસર્સ - અમેરીકન તબીબ, જાતીયતા ઉપર વિશેષ સંશોધન
- ૨૭ ડિસેમ્બર ૧૯૧૦ ઇયાન ડોનાલ્ડ - ઇંગ્લીશ ભૌતિકશાસ્ત્રી. સૌ પ્રતમ 'અલ્ટ્રાસાઉન્ડ' ઇફેક્ટ પર સંશોધન કરનાર.
- ૨૮ ડિસેમ્બર ૧૯૬૯ લૂઇસ ટોર્વાલ્ડસ - ફિનિસ કોમ્પ્યુટર વૈજ્ઞાનિક, 'લ્યુનીક્સ કોમ્પ્યુર ઓપરેટીંગ સિસ્ટમ' વિકસાવનાર
- ૨૮ ડિસેમ્બર ૧૯૪૪ કેરી બી. મૂલીસ - અમેરીકન બાયોકેમીસ્ટ 'પોલીમર ચેઇન રીએકશન' શોધ બદલ, ૧૯૯૩માં નોબેલ પ્રાઇઝ મળ્યું
- ૨૯ ડિસેમ્બર ૧૯૧૧ કયુસ ફચ - જર્મન-બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી, ૧૯૪૩માં 'એટમ બોમ્બ' પર કામ કરનાર વૈજ્ઞાનિક
- ૨૯ ડિસેમ્બર ૧૯૦૫ હેનરી-ગેસ્ટોન બર્સીંગનીસ - ફ્રેન્ચ-અમેરીકન ઇલેકટ્રોનિક એન્જીનીયર, એચ.એફ/ડી.એફ. શોધનાર
- ૩૦ ડિસેમ્બર ૧૯૫૪ રોડની એ. બૂક્સ - ઓસ્ટ્રેલીયન એન્જીનીયર રોબોટ્સ પર વિશેષ સંશોધન કરનાર
- ૩૦ ડિસેમ્બર ૧૯૪૮ રેન્ડી ડબલ્યુ - સ્કેકમન - અમેરીકન બાયોલોજીસ્ટ, 'રેગ્યુલેટીંગ વેસિકલ ટ્રાફિક' શોધ બદલ ૨૦૧૩માં નોબલ પ્રાઇઝ વળ્યું.
- ૩૧ ડિસેમ્બર ૧૯૫૨ વોગન જહોન્સન - ન્યુઝીલેન્ડ મેથેમેટીશીયન ૧૯૯૦માં ફિલ્ડમેડલ વિજેતા
- ૩૧ ડિસેમ્બર ૧૯૨૯ જેરમી બર્નસ્ટેઇન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી તથા લેખક. ૩૦ વર્ષ સુધી લેખન કર્યું.
- ૧ જાન્યુઆરી ૧૯૪૨ એડવર્ડ જોસેપ હોફમેન - અમેરીકન બાયોમેડીકલ ભૌતિક વિજ્ઞાની, પેટ સ્કેનર વિકસાવનાર વૈજ્ઞાનિક
- ૧ જાન્યુઆરી ૧૯૪૧ સર માર્ટીન ઇવાન્સ - ઇંગ્લીશ તબીબ ૨૦૦૭માં 'જીન્સ' ઉપરના વિશેષ સંશોધન માટે નોબેલ પ્રાઇઝ મળ્યું હતું.

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - પેશાવરમાં આર્મી સ્કૂલ પર કયા આતંકવાદી સંગઠને હુમલો કર્યો?

જવાબ - તહેરિક-એ-તાલિબાન પાકિસ્તાન

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) મહેશભાઇ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૩) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) અભિષેક જાની - સે-૨૪, સત્યમ એપાર્ટમેન્ટ
(૭) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : ઇન્ફોસીટી જુ.સા. કોલેજ
(૮) મુળુભા જે મકવાણા : સે-૮
(૯) વિનોદકુમાર રાવત : સે-૮, ૬૮૪/૧

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

મદનમોહન માલવીયાએ કઇ સંસ્થાની સ્થાપના કરી હતી?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૧) ૬ (૨૧) ૬ (૯૧) ૬
(૯૧) ૬ (૧૧) ૬ (૦૧) ૬ (૭) ૫ (૭) ૬ (૭) ૬ (૩) ૫ (૫) ૬ (૨) ૫ (૯) ૫ (૯) ૬ (૧)

વાહ! સુધરેલ ગણાતી માનવ જાત શું આપણા લોહીમાં જ ચોરી, જુગાર તથા વ્યસનના સંસ્કાર ઊતરી આવ્યા હશે

રોમાંચક કથા

- અનંત ન. શાહ

થોડા દિવસ પહેલાં શાક વેચનાર બહેનને ચશ્મા સાથે જોઈને નવાઈ લાગતાં પૂછેલું, આમ તો આપણે મધ્યમ વર્ગીય પણ મોભામાં રહેનારા. જેની સાથે કાયમ મિલન થતું હોય, તેવા શાકવાળા ધોબી કે ફેરિયા સાથે લાંબી વાતો ન કરીએ. બસ શાક લીધું, નાણાં ચુકવ્યા ને ચાલતા થયા. સામી વ્યક્તિ પણ આપણા જેવી જ પ્રવર્ત વ્યક્તિ છે. તેની સાથે પણ કામ વિના વાતો કરી શકાય તેવું ભાગ્યે જ વિચારીએ. પણ ચશ્મા જોઈ મન થતાં પૂછ્યું, કેમ બહેન- તમને પણ ચશ્મા? બટાટા તો સારા ખરાબ પારખવા માટે? તો કહે ના, દાદા, ચશ્મા બટેટા પારખવા નથી લીધા એ તો ઘરાકન ામોઢા જોવા માટે લીધા છે. ઘરાકના મોટા જોવા માટે? મને નવાઈ લાગી. હા સાંજ પડ્યે કિલો-દોઢ કિલો બટેટા ચોરાઈ જાય છે. ક્યારેક કોઈ પૈસા ચુકવ્યા વિના રવાના થઈ જાય તો કોઈ વાર બે બટેટા થેલીમાં સરકાવી લે. હિસાબમાં ઘટ પડે ત્યારે ખબર પડે.

બેનની વાત સાંભળી મનમાં થયું, વાહ સુધેરલ ગણાતી માનવ જાત શું આપણા લોહીમાં જ ચોરી, જુગાર તથા વ્યસનના સંસ્કાર ઊતરી આવ્યા હશે. ભગવાન શ્રીકૃષ્ણના ઘરમાં માખણની ક્યાં ખોટ હતી. છતાં માખણ ચોરતા જ ને? મોટા થયા તો રુક્ષ્મણી, સત્યભામા આદિના હૃદયો ચોર્યા. જેવા ભગવાન તેવા ભક્યો... આપણા માન્યવર મહાનુભાવો તથા તેઓના સંગાથીઓ વિદેશમાં તુચ્છ મોજાં ચરતા ઝલાયેલા જને. કદાચ તેઓ ને થયું હશે. આ પાંચ-પચ્ચીસ હજારની ખરીદી કરી તો હજાર -પાંચસોની ચીજ ચોરવામાં શું વાંધો. વ્યાપારીતા નફો ઘટાડવાનું આ તો પુન્યકાર્ય ગણાય. આવા લોકોનું સુત્ર છે. ઠગવું એ મુર્ખાઈ છે. ચોર્યું એ સનાતન સત્ય છે. ઘરમાં ભલેને ગમે તેટલું હોય પણ મનગમતી ચીજ જોઈ. જેમ ભુખ્યાને ભોજન જોઈ મોઢામાં પાણી આવે તેમ હાથમાં ચળ આવવા લાગે. મન કહેતું હશે, ઉતિષ્ઠ, જાગૃતતારો કસબ અજમાવ.

ચોરીએ ખરેખર એક કળા છે તેમાં નાન ન પડાય લોકોકિત પણ છે. તરવું તાંતરવું તસ્કરવું નાડીને વળી ન્યાય ગાવું ,વાવું વગાડવું એ આઠ આપ કલાય. સાચા ચોર તો આજકાલના ચેઈન ઝૂંટવનારાને, લુટારાઓ કહે છે. પાકીટમાર ચોર ખરા કલાકાર પણ ખરા તમને ખબર ન પડે તેમ ખિસ્સુ કપાઈ જાય એ તેની હાથની સફાઈ પણ ખરા કલાકાર તો ઘરફોડિયા રાત્રિના ઘોર અંધરામાં આપણા ઘરમાં જયાં આપણે પોતે પણ વારંવાર બટકાઈએ ત્યાં જરા પણ અવાજ વિના કાર્ય પતાવનારા આ ભાઈઓ સાચા સાતા ગણાય. આપણે ઘાબા પર નિરાંત સુતા હોઈએ અથવા એક સમમાં ઘોરતાં હોઈએ. ત્યાં ઘર સાફ થઈ જાય તે આપણને તો સવારે જ ખબર પડે. ગ્રીલ તોડવી કે ગમે તેવા તાળા ખોલવા તે તો તેઓ માટે સામાન્ય વાત. શ્રી અશ્વની ભટ્ટની કખા કમઠાણમાં એક ચોરની મહત્તા ગાવામાં આવી છે જેણે ખુદ પોલિસ ઈન્સ્પેકટની વર્દી તથા રિવોલ્વર ચોરી હતી. આ લોકો તત્વજ્ઞાની પણ ખરા સાથે પ્રમાણિક પણ ખરા. ભાગીદારોમાં ભાગ્યે જ વાંધા પડે. જો કે ઘરફોડ ચોરી તો એકલવીરનું કામ. માણસાઈના દિવામાં પૂ. રવિશંકર મહારાજે ફૂલા વાવેલા નામના ચોરનો પ્રસંગ કહ્યો છે તેની પાસે ખેતીવાડી છે બેપત્ની ચાર દિકરા સાત ભેંશ સંયમ ઘર. તોય તે ચોર હતો તે કહે છે મહારાજ અમને લક્ષ્મીનો પોકાર સંભળાય. લક્ષ્મી અમારાથી ન જ રહેવાય. સાચો ચોર ક્યારેય ખોટા નાના કે ગરીબ ઘરમાં ચોરી ન કરે. આ સાંભળી મહારાજને વેદના મંત્ર યાદ આવ્યાં ચોરને નમસ્કાર, તસ્કરના પતિને નમસ્કાર આમ ચોર તો વંદનિય ગણાય.

આ ફૂલ વાવેમાનું તત્વજ્ઞાન આપણા કેટલાક રાજકારણીઓએ બરાબર ઝીલ્યું છે. કેન્દ્ર કે રાજય સરકારની ટ્રેઝરીમાં પડેલ લક્ષ્મીને બંધન મુક્ત કરી વિદેશની સફર કરાવવામાં આ લોકો નિષ્ણાત છે. કેટલીક જ્ઞાતિઓનો આ પરંપરાગત ધંધો છે. તેઓની આગવી વિશેષતાને કાઠિયાવાડમાં અગાઉ કહેવાતું કાઠીનો દિકરો બે-ચાર લૂંટ ન કરે તો કાઠી કન્યા કોને પરણે? એમ આ જ્ઞાતિઓમાં પણ રિવાજ ખરાં તેમાં નાનમ નહિ. પણ હવે તો આ લોકો પણ શરમાય તેવા અદ્‌ભુત ચોર પાક્યા છે. ગમે તેટલા તંત્રો કામે લગાડો પણ માળા એવા તો કલા કરે કે ખબર જ ન પડે. સાદા ચોરને પોલિસ પકડે. જેલ થાય. માર ખાવો પડે, આ તો એવા કે પકડાય તેમ આબરૂ વધે. જેલ તો મહેલ જેવી અને ચોરીનો આંકડો લાખ-કરોડમાં પહોંચે ત્યારે તો વાહ વાહ થાય.

'ચોરીને માથે શીરજોરી' એ વાત મોટા ચોરને લાગુ પડે. ગમે તેવું કૌભાંડ કરી દોષનો ટોપલો અન્યના માથા પર ઢોળી દેવા તૈયાર. ક્યારેક તો ચોર કોટવાળને દંડે તેમ પોલિસ તંત્રને પણ દબડાવે. અમને ચોર કહેવાય કેમ, અમે તો સમાજ સેવકો ગણાઈએ. જુવાને પાકિસ્તાનમાં ત્રાસવાદીને પણ સમાજ સેવક ગણાવ્યાનોને ના કેમ ખાય પાંચ પચ્ચીસને મારી વસ્તીને કાબુમાં રાખવાનું સેવાકાર્ય બજાવ્યું છે. આપણે એટલા સુખી છીએ . સંતોષ પણ લઈ શકીએ કે આપણા ચોર માત્ર નાણાંની જ ઉચાપાત કરે છે અને વિદેશોમાં જમા કરાવી આપણી સમૃદ્ધિન ખ્યાલ આપે છે. જે બેન્કોમાં ભારતીયોના પાંચ-સાત લાખ કરોડ જમા હોય તે બેન્કોને ભારતની સમૃદ્ધિ વિષયક કેવો મહાન ખ્યાલ આવે. હનુમાને કહેલું હું તો છેલ્લી પાયરીનો સૈનિક છું .મારા કરતાં અનેક ગણા બળવાનો પડ્યા છે, તેમ આ ચોરને પણ કહેતા હશે. આ તો અમારા સમૃદ્ધિનો એક ટકો માત્ર છે ને... જો વિદેશીઓ પણ કહેશે. ધન્ય છે ભારતના આજના ચોરોને હજી ભારત લૂંટી શકાય તેટલી સમૃદ્ધિ ધરાવે છે.

સલામતીની સમસ્યા તો કોને નથી હોતી, ભાઇ!

રોહિતોપ્રદેશ

- રોહિત શાહ

માનવીનો સૌથી મોટો પ્રોબ્લેમ કયો છે? તેને સૌથી મોટો ભય કઇ બાબતનો છે? જ્ઞાની હોય કે અજ્ઞાની, સ્ત્રી હોય કે પુરુષ (કે નપુંસક), મર્દ હોય કે ડરપોક, ભણેલો હોય કે અભણ, દરેક માણસને મૂળભૂત પ્રોબ્લેમ સલામતીનો હોય છે.

જયારે સલામતી સામે ખતરો ખડો થાય છે ત્યારે માણસ મરણિયો થઇ ઊઠે છે. સલામતી મેળવવા માટે તે કાંઇ પણ કરવા તૈયાર થઇ જાય છે. સલામતી સહસ્ત્રરૂપા છે. કોઇકને પોતાનું રૂપ સલામત રાખવું છે. કોઇકને પોતાની જોબ સલામત રાખવી છે, તો કોઇકને પોતાના બિઝનેશની તરક્કી રાખવી છે. કોઇકને સમાજમાં પોતાની ઇજ્જત સલામત રાખવી છે, તો કોઇકને પોતાનું અસ્તિત્વ સલામત રાખવું છે.

આપણે સૌ અસલામતીથી સતત ડરનારા માણસો છીએ. માણસ લગ્ન શા માટે કરે છે? પોતાનો વંશવેલો સલામત રહે એ માટે. આપણે જોબ કે બિઝનેસ શા માટે કરીએ છીએ? આપણી જરૂરિયાતો અને આપણા મોજશોખ પૂરાં કરવાની અનુકૂળતા સલામત રહે એ માટે. આપણે ટ્રાફિકના નિયમોનું પાલન શા માટે કરીએ છીએ? પોતાનું (અને બીજાનુંય) અસ્તિત્વ સલામત રહે એ માટે. આપણે સેવિંગ શા માટે કરીએ છીએ? પાછલી અવસ્થામાં કોઇ અસલામતી ન પજવે એ માટે. આપણે એજ્યુકેશન શા માટે લઇએ છીએ? આપણી સલામતીને સલામત રાખવાની સમજણ પ્રાપ્ત થાય એ માટે.

આપણા સમાજમાં પુરુષ કરતાં સ્ત્રીને અસલામતીનો ભય વધુ રહે છે. તેને પોતાની ઇજ્જત બચાવવાની એક વધારાની આવશ્યકતા રહેછે. સ્ત્રીની ઇજ્જતનો આપણે ત્યાં એક ખાસ અર્થ ઠોકી બેસાડવામાં આવ્યો છે. હિન્દી ફિલ્મોમાં દર પાંચ ફિલ્મમાંથી એક ફિલ્મમાં ડાયલોગ આવે છે : 'અગર તુમ ન હોતે તો આજ મેરી ઇજ્જત લૂટ જાતી!' પુરુષ ગમે તેટલી ઐયાશી કરે તોય તેની ઇજ્જત બરકરાર રહે છે અને સ્ત્રી અજાણતાં કોઇ હરામખોર પુરુષનો શિકાર બની જાય તોય એની ઇજ્જત લૂંટાઇ જાય! વાહ! લગ્ન પહેલાં, પછી, વૈધવ્ય પછી પણ સ્ત્રીને પોતાની ઇજ્જત બચાવવા સતત પુરુષની ઓઢ ઢૂંઢવી પડે છે. સ્ત્રીને પુરુષ સમાન હક્કો આપવાની બડી-બડી ડંફાસો મારનાર પુરુષોય એક વખત જે સ્ત્રીની ઇજ્જત લૂંટાઇ ગઇ હોય તેને (તે સ્ત્રીને) સ્વીકારવા તૈયાર નથી થતા. એમ કરવામાં તેમને પોતાની ઇજ્જત સામે અસલામતી ઊભી થતી દેખાય છે. શું સેક્સ (સંભોગ) એ આપણી ઇજ્જતનું બેરોમીટર છે?

વિદ્યાર્થીને પરીક્ષામાં સફળતા સામે કોઇ અસલામતી પેદા થાય એ પસંદ નથી એટલે ગોખણપટ્ટી કર્યે રાખે છે. અખબારમાં કોલમ લખનારો લેખક પોતાના વાચકોની સંખ્યા સલામત રહે એ માટે નવા- નવા વિષયો શોધતો રહે છે અને અભિવ્યક્તિના પ્રયોગો કરતો રહે છે. નેતાઓ પોતાની લોકપ્રિયતા સલામત રાખવા નિતનવાં જૂઠાણાં રંગોળી ભરીને જનતાને વહેંચતા રહે છે. એક પત્નીને વહેમ થતો કે તેનો પતિ અન્ય કોઇ સ્ત્રી સાથે ખાનગી સંબંધ કરી નાખશે. એમ ન થાય એ માટે તે પત્નીએ પોતાના પતિને જ દરરોજ ભરપૂર સેક્સ આપીને થકવી નાખવાનો પ્રયોગ કર્યો. ઘણા લોકો એવી ગેરસમજ ધરાવે છે કે લગ્નેતર સંબંધનું કારણ માત્ર સેક્સ જ હોય છે.

સલામતીની સમસ્યા માત્ર સંસારીઓને જ સતાવે છે એવું થોડું છે? સાધુ-સંન્યાસીઓને પણ આ સમસ્યા તો વળગેલી જ રહે છે. તેમનેય પોતાના ભક્તો-શિષ્યોનાં ટોળા સલામત રાખવા નિતનવા પેંતરા કરવા પડે છે. મોક્ષ તો મળે ત્યારે ખરો, પણ જીવનની સલામતીને પ્રાયોરિટી આપ્યા વગર તેમનેય નથી ચાલતું. કશાયનો મોહ નહિ રાખવાનો. બીજાઓને આપેલો ઉપદેશ તે પોતાના માટે ફોક કરી દે છે. સંબંધો, સંપત્તિ અને સત્તા - બધાંયનું આડકતરી રીતે ખાનગીમાં કે જાહેરમાં સંવર્ધન થતું જ રહે છે, માત્ર બેનર બદલાય છે. બાકી ભીતરમાં તો સલામતી માટેનો જ અજંપો ઘૂંટાતો રહે છે.

પેન્શન, એલઆઇસી, મેડિકલેમ આ તમામ શબ્દો અલ્ટિમેટલી આપણી સલામતીનાં રૂપાળાં નામ જ છે ને! સારું છે કે મૃત્યુ પછીની સલામતી માટે સત્કાર્યો કરવાની વાત જ્ઞાની પુરુષોએ આપણને કરી છે. જો એમ ન હોત તો સંસારમાં એકેય સત્કાર્ય થયું જ ન હોત. જીવનમાં તો સલામતી જોઇએ જ છે, પણ મૃત્યુ પછીની સલામતીય જોઇએ છે. ઘડપણની સલામતી માટે માણસ ઘણુબધુ ભેગું કરી રાખે છે, પરંતુ દેવલોકની સલામતીની વાત આવે ત્યારે ભેગું કરેલું સર્વસ્વ લૂંટાવી દેવાય તે તૈયાર થઇ જાય છે. બીજાને સલામતીનો ભય બતાવીને પોતાની સલામતી ટકાવી રાખવા જેમને ફાવે છે તેમના માટે તો હંમેશા સહજ ઉદ્‌ગાર છે - નો પ્રોબ્લેમ.